OCR
RECOGNISING ACHIEVEMENT

**Advanced Subsidiary GCE**

**GUJARATI**

Unit F883: Gujarati Listening, Reading and Writing 1

**Specimen Paper**

Additional Materials: CD

# F883QP

Morning/Afternoon

Time: 2 hours 30 minutes

| | |
|---|---|
| Candidate Name | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Centre Number | | | | | | Candidate Number | | | | |

**INSTRUCTIONS TO CANDIDATES**

- Write your name, centre number and candidate number in the boxes above.
- Answer **all** the questions.
- Use blue or black ink.
- Read each question carefully and make sure you know what you have to do before starting your answer.
- Do **not** write in the bar code.
- Do **not** write outside the box bordering each page.
- WRITE YOUR ANSWER TO EACH QUESTION IN THE SPACE PROVIDED. ANSWERS WRITTEN ELSEWHERE WILL NOT BE MARKED.

**INFORMATION FOR CANDIDATES**

- The number of marks for each question is given in brackets [ ] at the end of each question or part of question.
- The total number of marks for this paper is **160**.

**ADVICE TO CANDIDATES**

- Read each question carefully and make sure you know what you have to do before starting your answer.

| For Examiner's Use | |
|---|---|
| Section A | |
| Section B | |
| Total | |

This document consists of **17** printed pages and 1 blank page.


© OCR 2007 [QAN 500/2424/3] OCR is an exempt Charity
**[Turn Over**

SPECIMEN

## Section A: Listening and Writing

*Recommended time for Section A: 1 hour*

**Task 1 : Listening Task**
**સવાલ ૧: શ્રવણબોધન** **[12 marks]**

**ગુજરાતી યુવક શાળાની મુલાકાત**

**યુવક શાળાના આચાર્યા શાળા વિશે માહિતી આપે છે.**

**અ) નીચે આપેલા દરેક ખાના માટે જે સાચું હોય તેનો નંબર લખો.**

| ક | ખ | ગ | ઘ |
|---|---|---|---|
| સાઈઠ મિનિટ | પીસ્તાળીસ મિનિટ | ત્રીસ મિનિટ | પંદર મિનિટ |
| | | | |

[4]

નિશાળમાં ...

૧ આરામનો સમય હોય છે.
૨ ધર્મની ચર્ચા - વાર્તાનો લાભ મળે છે.
૩ યુવાનો ભાષા શીખે છે.
૪ રમતો રમાય છે.
૫ સંગીત શીખવવામાં આવે છે.

SPECIMEN

બ) સાચા જવાબના ખાનામાં ચિહ્ન (√) કરો.

(ચ) રાજવી શાહ ...

ક સંગીતના શિક્ષક છે. ☐
ખ મુખ્ય શિક્ષક છે. ☐
ગ યુવાનોને રમાડે છે. ☐ [1]

(છ) નિશાળ ચાલુ રહે છે ...

ક આખા વર્ષ માટે. ☐
ખ દર શનિવારે. ☐
ગ વર્ષના ૫૦ રવિવાર. ☐ [1]

(જ) નિશાળમાં સૌથી પહેલાં ...

ક સૌ વર્ગમાં જાય. ☐
ખ ભગવાનની ભક્તિ થાય છે. ☐
ગ રમતો રમાય. ☐ [1]

(ઝ) વિરામના સમયે સૌ ...

ક નૃત્ય કરે છે. ☐
ખ સાફસુફી કરે છે. ☐
ગ ફળાહાર કરે છે. ☐ [1]

(ટ) નિશાળમાં સૌથી છેલ્લે ...

ક વાર્તા સાંભળી શકાય છે. ☐
ખ બીજી પ્રવૃત્તિ હોય છે. ☐
ગ નૃત્યનો વર્ગ હોય છે. ☐ [1]

(ઠ) યુવક શાળા સ્થાનિક નિશાળો માટે ...

ક પ્રવૃત્તિઓ યોજે છે. ☐
ખ પૈસા એકઠા કરે છે. ☐
ગ નાસ્તો બનાવે છે. ☐ [1]

SPECIMEN

(ડ) યુવક શાળા ભારતનો પ્રવાસ યોજે છે ...

ક દર બે વર્ષે. ☐
ખ દર બે અઠવાડિયે. ☐
ગ દર વર્ષે. ☐ [1]

(ઢ) યુવક શાળાનું લક્ષ્ય છે ...

ક યુવાનો સેવા કરતા થાય. ☐
ખ યુવાનો બધી રીતે આગળ વધે. ☐
ગ યુવાનો ગુજરાત સાથે સંબંધ વધારે. ☐ [1]

[8]

SPECIMEN

**Task 2 : Listening Task**
**સવાલ ૨ : શ્રવણબોધન** **[13 marks]**

## એર ઇન્ડિયામાં મુસાફરી

**પારસ તેની વિમાનની મુસાફરી વિશે વર્ગમાં વાત કરે છે.**

**નીચેના ચોકઠામાંથી સાચો શબ્દ ચૂંટીને ખાલી જગ્યા ભરો.**

| | | | |
|---|---|---|---|
| આનંદ | ગરમીના | કંટાળો | ઠંડીના |
| સવારનું | મોડું | ઉઘાડવી | વાતો |
| સંભાળ | વહેલું | ગરમ | અભ્યાસ |
| મુશ્કેલી | ઊંઘ | સલામતી | પ્રવાસ |
| એકલો | ભારતીય | પીણાં | સહેલાઈ |

પારસ (ક) ................ દિવસોમાં ભારત ગયો હતો. (ખ) ............... કરવાનો હોવાથી તેની બહેન સાથે ન જઈ શકી એટલે પારસ (ગ) ............... જ ભારત ગયો હતો. તેનું વિમાન (ઘ)................ હતું. તેને વિમાનમથક પર (ચ)................ પહોંચવું પડ્યું હતું કારણ કે (છ)................ માટે સૌના સામાનની પૂરી તપાસ કરવામાં આવતી હતી. તપાસ માટે પારસને તેની પેટી (જ) ................ પડી હતી. સામાનને પેટીમાં પાછો ગોઠવવામાં તેને ખૂબ (ઝ)................ પડી. મુસાફરી દરમિયાન પારસે તેના મિત્ર સાથે ઘણી (ટ) ................ કરી. પરિચારિકાએ તેઓ બન્નેની ખૂબ (ઠ)............... લીધી. વિમાનમાં (ડ) ................ ખાવાનું મળ્યું હતું. પારસને વિમાનમાં (ઢ).............. નહોતો આવ્યો તેથી તે મુસાફરીમાં થાક્યો નહિ અને તેણે (ણ) .............. પણ ન કરી.

SPECIMEN

## Task 3: Listening Task
સવાલ 3 : શ્રવણબોધન

### Communications

**You are listening to a speech about world communication.**

**Answer the following questions IN ENGLISH.**

**[15 marks]**

**(a)** State three ways by which messages were sent years ago.

..................................................................................................................................

..................................................................................................................................

.................................................................................................................................. **[3]**

**(b)** What made communication easier later on?

.................................................................................................................................. **[1]**

**(c)** Give two ways by which people send letters.

..................................................................................................................................

.................................................................................................................................. **[2]**

**(d)** How does the telephone service in Western countries compare with that in India?

.................................................................................................................................. **[1]**

**(e)** How would you send an urgent message to someone in India? Why?

..................................................................................................................................

.................................................................................................................................. **[2]**

**(f)** Why do people buy new communication gadgets all the time?

..................................................................................................................................

.................................................................................................................................. **[2]**

**(g)** What effect has the internet had on communications?

.................................................................................................................................. **[1]**

**(h)** What are the advantages and disadvantages of e-mail?

..................................................................................................................................

.................................................................................................................................. **[2]**

**(i)** How can we say that people like to use the postal services rather than e-mail at Christmas.

.................................................................................................................................. **[1]**

SPECIMEN

**Task 4: Writing Task**
**સવાલ ૪ : લેખનકાર્ય**

**Your sister has drafted an e-mail to a friend in India and has asked you to translate it into Gujarati for her. You do not have to translate the e-mail word for word but you should include all the information.**

**[10 marks for communication + 10 marks for Quality of Language]**

Thank you for the information about your family and your house in the mountains.

In the past living in a remote place made communication very slow.

Now there is e-mail but it doesn’t improve my spelling or my Gujarati so I have written you a letter which I will send with my uncle, who is travelling to India soon.

I have a new mobile phone with a camera so I can send you a picture via e-mail.

**Section A Total [60]**

SPECIMEN

## Section B: Reading and Writing

*Recommended time for Section B: 1 hour and 30 minutes*

**Task 5**

**સવાલ ૫**

**તમારા સમાજના સામયિકમાં છાપેલો લેખ "સ્થૂળતા, આહાર અને તંદુરસ્તી", ધ્યાનથી વાંચો અને તેની નીચે આપેલા સવાલોના જવાબ લખો.**

### સ્થૂળતા, આહાર અને તંદુરસ્તી

રજ્ઞાદે:
આપણી જીવનશૈલી અને આહાર બદલાઈ રહ્યા છે.આપણા ગુજરાતીઓની જ વાત કરીએ તો સામાન્ય રીતે આપણે તળેલી વસ્તુઓ સારા પ્રમાણમાં ખાઈએ છીએ જે આપણા માટે ઘણી નુક્સાનકારક છે. પણ કુટુંબની તંદુરસ્તીનો મુખ્ય આધાર ભોજન કેવી રીતે તૈયાર કરવામાં આવે છે તેના પર રહે છે. મોટે ભાગે રૂઢિચુસ્ત એશિયન ખોરાક ને ખાસ કરીને શાકાહારી ખોરાક વધુ આરોગ્યવર્ધક છે તેથી લીલાં શાકભાજી અને તાજાં ફળો વધારે ખાવાં.

રૂપાદે:
હા, તંદુરસ્તી જાળવવા માટે તળેલી વસ્તુઓ તથા ખારો અને ગળ્યો ખોરાક ઓછો લેવો જોઈએ. આપણા ખોરાકની વાનગીઓને તળવાને બદલે શેકીને તૈયાર કરવી જોઈએ. તળેલી વાનગીઓમાં ચરબી ભરપૂર હોવાથી લોકોમાં સ્થૂળતાનું પ્રમાણ વધે છે અને તેને લીધે ડાયાબિટીસ, હૃદયરોગ જેવા રોગો થાય છે. ભોજન બનાવવામાં ઘી, માખણ કે વનસ્પતિ તેલ કરતાં માર્જરિન, સૂરજમૂખી, મકાઈ કે સોયાબીનના તેલનો ઉપયોગ કરવો જોઈએ, તે પણ ઓછા પ્રમાણમાં.

અનુષા:
છેલ્લાં થોડાં વરસોમાં બાળકોમાં પણ સ્થૂળતાનું પ્રમાણ વધ્યું છે. તેઓને તો યોગ્ય ખોરાક તેમજ કસરતની પણ જરૂર છે. તંદુરસ્તી જાળવવા બાળકો તેમજ દરેક વયના લોકોએ તેમના રોજિંદા આહારમાં તળેલી વાનગી જે ચરબીથી ભરપૂર હોય છે તેને બદલે રેસાવાળો ખોરાક જેવાં કે જુદાં જુદાં તાજાં ફળ, લીલાં શાકભાજી, થુલાવાળા લોટની રોટલી, કઠોળ વગેરે લેવાં અત્યંત જરૂરી છે.

સોનજા:
રેસાવાળો ખોરાક તંદુરસ્તીને માટે સારો છે પણ પીણામાં પણ ધ્યાન રાખવું જરૂરી છે. મલાઈ કાઢી લીધેલું કે અડધી મલાઈવાળા દૂધનો ઉપયોગ કરવો જોઈએ. દારૂનું સેવન ન જ કરતા હોઈએ તો એ સર્વોત્તમ છે. પરંતુ તંદુરસ્તી જાળવવા માટે મર્યાદિત પ્રમાણમાં મદ્ય પીઓ તો તે વધુ ઉચિત છે.

કેશવી:
માંસાહારીઓએ તેમના ખોરાકમાં ચરબી વિનાનું રાતું માંસ અને મરઘી-માછલાંનો વધારે ઉપયોગ કરવો. પણ યાદ રાખો કે કોઈ પણ પ્રકારનું તળેલું ભોજન આરોગ્ય માટે સારું નથી.

SPECIMEN

Task 5(a)

સવાલ ૫ (અ) [10 marks]

ઉપરનો ફકરો વાંચી તે કોનું મંતવ્ય છે તે વ્યક્તિને અનુરૂપ ખાનામાં (✓) ચિહ્ન મૂકો. ફક્ત દસ ખાનામાં ચિહ્ન કરવાના છે. જો દસથી વધારે ચિહ્ન કરશો તો પૂરા ગુણ નહિ મળે.

ફક્ત ૧૦ ખાનામાં ચિહ્ન કરો.

| | | રત્નાદે | રૂપાદે | અનુષા | સોનજા | કેશવી |
|---|---|---|---|---|---|---|
| દાખલો | તંદુરસ્તી જાળવવા માટે તળેલી વસ્તુઓ ખાઈએ છીએ તે ન ખાવી જોઈએ. | ✓ | ✓ | ✓ | | |
| ક | વાનગીને તળવાથી એમાં ચરબી વધતી હોવાથી તેને શેકીને જ ખાવી જોઈએ. | | | | | |
| ખ | રેસાવાળા ખોરાક તંદુરસ્તી માટે ઘણો જ સારો છે. | | | | | |
| ગ | ચરબીવાળો ખોરાક લેવાથી વજન વધે છે અને આપણને ડાયાબિટીસ, હૃદયરોગ થઈ શકે | | | | | |
| ઘ | શાકાહારી ખોરાક તંદુરસ્તી માટે સારો છે. | | | | | |
| ચ | માંસાહારી લોકો માછલી અને મરઘી વધારે ખાય તે ઇચ્છનીય છે. | | | | | |
| છ | ઓછી મલાઈવાળા દૂધનો ઉપયોગ તંદુરસ્તી માટે સારો છે. | | | | | |
| જ | તંદુરસ્તી માટે બને તેટલાં તાજાં ફળ તેમજ લીલાં શાકભાજીનો ઉપયોગ કરવો જોઈએ. | | | | | |

SPECIMEN

**Task 5 (b)**

**સવાલ ૫ (બ)** **[10 marks]**

**નીચે આપેલા લેખનમાં ઉપરના લેખ પ્રમાણે યોગ્ય શબ્દ લખી ખાલી જગ્યા પૂરો.**

**ગુજરાતીઓને તળેલી વાનગીઓ ખાવાનું પસંદ છે પણ તે વધારે પડતી ખવાય તો શરીરને (ક) ............... પહોંચી શકે. આપણે (ખ) .............. કેવી રીતે તૈયાર કરીએ છીએ તેની ઉપર આપણા કુટુંબની (ગ) ............... આધાર રહે છે. તંદુરસ્ત રહેવા માટે આપણે તેલ ઉપરાંત (ઘ) ................. અને (ચ) .................. ઓછાં લેવાં જોઈએ. શરીરનું વજન યોગ્ય (છ) .................. અને (જ) ..................... કાબુમાં રહે છે. (ઝ) ............. ખોરાક આપણા શરીર માટે વધારે લાભદાયી છે. પીણામાં દારૂનો ઉપયોગ ન કરીએ તે (ટ) .............. છે. જે લોકો (ઠ) .............. કરતા હોય તેમણે મરઘી - માછલાંનો વધારે ઉપયોગ કરવો જોઈએ.**

SPECIMEN

**Task 6** **[ 20 marks for content + 10 for Quality of Language]**

**સવાલ ૬**

**લતા મંગેશકર**

દુનિયાના ગમે તે દેશમાં વસતો ભાગ્યે જ કોઈ ભારતીય હશે જેણે વિશ્વવિખ્યાત ગાયિકા લતા મંગેશકરનું નામ નહિ સાંભળ્યું હોય. લતા મંગેશકરનો જન્મ ૧૯૨૯ના સપ્ટેમ્બર મહિનાની ૨૮ તારીખે ઇન્દોરમાં થયો હતો. તેમના પિતા દિનાનાથ મંગેશકર એક નાટક કંપની ચલાવતા હતા ને પોતે સારા ગાયક હતા. લતા મંગેશકર જ્યારે પાંચ વરસના હતાં ત્યારે તેમના પિતાએ તેમને સંગીત શીખવવાનું શરૂ કર્યું હતું. ૧૯૪૨માં તેમના પિતાનું અવસાન થતાં સૌથી મોટી લતા પર પોતાની ત્રણ બહેનો - આશા, મીના, ઉષા, નાના ભાઈ હૃદયનાથ તથા માતા એમ આખા કુટુંબના ભરણપોષણની જવાબદારી આવી પડી.

ઇન્દોર છોડીને કામ માટે તેઓ મુંબઈ આવ્યા. શરૂઆતમાં તેમણે સાતથી આઠ ફિલ્મોમાં કામ કર્યું પણ સફળતા મળી નહિ. ત્યાર બાદ તેમણે ફિલ્મોમાં ફિલ્મી ગીતો ગાવાનું શરૂ કર્યું. તેમણે આ ઉદ્યોગમાં શરૂઆત કરી તે અરસામાં નૂરજહાં, શમશાદ બેગમ, ગુલામ હૈદરઅલી જેવા નામાંકિત ગાયકો સ્વીકૃત થયેલાં હતાં. અનેક મુસીબતો વેઠીને તેમણે આખરે ગાયિકા તરાકે નામના મેળવી.

તેઓએ આશરે વીસેક ભારતીય ભાષામાં ચાલીસ હજારથી પણ વધુ ગીતો ગાયાં છે. આજે તેઓ ભારતીય ફિલ્મોના સૌથી ઉચ્ચ કોટીના ગાયિકા સાબિત થયાં છે. જુદી જુદી ભાષામાં હજારોની સંખ્યામાં એકલાએ ગીતો ગાયા હોવાને કારણે ૧૯૪૮થી અત્યાર સુધીમાં તેમનું નામ 'ગીનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડઝ'માં અનેક વાર નોંધાયું છે. તેમના બહેન આશા ભોંસલે પણ સારા ગાયિકા છે ને તેઓ પણ ફિલ્મી ગીતો ગાય છે.

લતાએ ફિલ્મી સંગીતમાં પોતાનો ફાળો પચાસ ઉપરાંત વરસોથી આપ્યો છે. તે ક્ષેત્રમાં તેમણે મેળવેલી સિદ્ધિઓ માટે તેમને અનેક ઇનામો પ્રાપ્ત થયાં છે. હમણાં છેલ્લે ભારતીય નાગરીકતાના સૌથી ઉચ્ચત્તમ 'ભારત રત્ન' પારીતોષિકથી તેમને નવાજવામાં આવ્યા છે.

પોતાના જીવન વિશે વાત કરતાં લતા કહે છેઃ

- મારી સૌથી મોટી સફળતા - ૫૦ વરસ સુધી સંગીત દ્વારા સમાજની સેવા કરી શકી તે
- મારી સફળતાના કારણો - મારા ચાહકો, વડીલોના આશીર્વાદ, સખત મહેનત અને ઈશ્વરની દયા.
- સૌથી યાદગાર દિવસ - જે દિવસે મારા પિતા દિનાનાથે કહ્યું કે હું સારું ગાઈ શકું છું.
- ફરી તક મળે તો - શાળા અને કોલેજનો આભ્યાસ નથી કરી શકી તે કરૂં.

SPECIMEN

**નીચે આપેલા સવાલોના પૂરા જવાબ ગુજરાતીમાં લખો.**

**(ક)** લતા મંગેશકરનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો?

............................................................................................................ [2]

**(ખ)** લતાના ભવિષ્યમાં તેમના પિતાજીએ કઈ રીતે ફાળો આપ્યો હતો?

............................................................................................................ [1]

**(ગ)** નાની ઉંમરે લતાને શું કરવું પડ્યું અને શા માટે?

............................................................................................................

............................................................................................................ [2]

**(ઘ)** લતાએ ઇન્દોર શા માટે છોડ્યું?

............................................................................................................ [1]

**(ચ)** તેમની શરૂઆતની ફિલ્મી કારકિર્દી કેવી રહી?

............................................................................................................ [1]

**(છ)** તેમની ગાવાની કારકિર્દીની શરૂઆતમાં તેમને શા કારણે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો?

............................................................................................................

............................................................................................................

............................................................................................................ [3]

SPECIMEN

(જ) લતા મંગેશકરનો બીજી ભાષાઓ પર કાબુ છે એમ શાના પરથી કહી શકાય?

........................................................................................................ [1]

(ઝ) લતા મંગેશકર આખી દુનિયામાં જાણીતાં છે તે કેવી રીતે જાણી શકાય છે?

........................................................................................................ [2]

(ટ) લતાએ પોતાનું જીવન સંગીતને આપ્યું છે એમ શાના પરથી કહી શકાય?

........................................................................................................ [1]

(ઠ) ભારત દેશે લતા મંગેશકરની પ્રશંસા કેવી રીતે કરી?

........................................................................................................ [1]

(ડ) લતા મંગેશકરના મતે સફળ બનવા માટે શેની શેની જરૂર છે? ત્રણ કારણો આપો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................ [3]

(ઢ) લતા તેમના પિતાજીના અભિપ્રાયનું ઘણું મૂલ્ય કરતા એમ શાના પરથી લાગે છે?

........................................................................................................ [1]

(ણ) લતા મંગેશકરે ગાવામાં સફળતા મેળવી પણ તેમની કઈ ઇચ્છા તેઓ તક મળે તો પૂરી કરવા માંગે છે?

........................................................................................................ [1]

SPECIMEN

Task 7

સવાલ ૭

**વર્તમાન પત્રોની માહિતી આપતો લેખ ધ્યાનથી વાંચો અને નીચે આપેલા સવાલોના જવાબ વિગતવાર લખો.**
**(કુલ શબ્દો - ૨૦૦ થી ૩૦૦)**

**વર્તમાન પત્રો**

૧ આજની દુનિયામાં વર્તમાન પત્રો ઘણો મહત્વનો ભાગ ભજવે છે. બ્રિટનમાં અંગ્રેજી, ગુજરાતી અને બીજી ભાષાઓનાં અનેક છાપાં રોજ બહાર પડે છે.

૨ છાપામાં દેશપરદેશના સમાચારની સાથે રાજકારણ, આરોગ્ય, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન, જેવા વિભાગો પણ હોય છે. રમત-ગમત, કલા અને સાહિત્ય જોવા શોખના વિષયોની વિગતો પણ એમાં હોય છે. દુનિયામાં કંઈક નવું બન્યું હોય કે શોધાયું હોય તો તે વિષેનો અહેવાલ આપણને વાંચવા મળે છે.

૩ ધંધાના વિકાસ માટે વેપારીઓ તેમાં જાહેર ખબરો આપે છે. નોકરી ધંધામાં ઉમેદવારની નિમણૂક કરવા માટે ખાલી જગ્યાની જાહેર ખબર હોય, તો વળી કોઈને કાંઈ વેચવું કે લેવું હોય તો ખરીદી - વેચાણની પણ જાહેર ખબર આપે છે.

અ ઉપરના લેખ પ્રમાણે છાપામાંથી કઈ કઈ જાતની માહિતી મેળવી શકાય તે કહો.

**[Comprehension of text 10 marks]**

બ વર્તમાન પત્રો સમાજમાં મહત્વનો ભાગ ભજવે છે.

વર્તમાન પત્રોમાંથી મળતી માહિતી, સમાજને લગતી બાબતો, ટીકા, વગેરેને ધ્યાનમાં રાખી તમારો અભિપ્રાય આપો.

**[Response to text 20 marks]**

**[Quality of language: 10 +10 marks]**

**[Total: 50 marks]**

SPECIMEN

આ ઉપરના લેખ પ્રમાણે છાપામાંથી કઈ કઈ જાતની માહિતી મેળવી શકાય તે કહો.

........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................
........................................................................................................................................................

SPECIMEN

બ  વર્તમાન પત્રો સમાજમાં મહત્વનો ભાગ ભજવે છે.

વર્તમાન પત્રોમાંથી મળતી માહિતી, સમાજને લગતી બાબતો, ટીકા, વગેરેને ધ્યાનમાં રાખી તમારો અભિપ્રાય આપો.

..........................................................................................................................................................

**Section B Total [100]**

**Paper Total [160]**

SPECIMEN

SPECIMEN

*Copyright Acknowledgements:*

Permission to reproduce items where third-party owned material protected by copyright is included has been sought and cleared where possible. Every reasonable effort has been made by the publisher (OCR) to trace copyright holders, but if any items requiring clearance have unwittingly been included, the publisher will be pleased to make amends at the earliest opportunity.

OCR is part of the Cambridge Assessment Group. Cambridge Assessment is the brand name of University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.

© OCR 2007

SPECIMEN

OXFORD CAMBRIDGE AND RSA EXAMINATIONS

Advanced Subsidiary GCE

# GUJARATI F883

Unit F883: Gujarati Listening, Reading and Writing 1

**Specimen Mark Scheme**

The maximum mark for this paper is 160.

SPECIMEN

## Section A: Listening and Writing

| Section A | | |
|---|---|---|
| **Question Number** | **Answer** | **Marks** |
| **Task 1** | **[12 marks]** | |
| અ | | |
| (ક) | ૩ | [1] |
| (ખ) | ૫ | [1] |
| (ગ) | ૨ | [1] |
| (ઘ) | ૧ | [1] |
| બ | | |
| (ચ) | ખ | [1] |
| (છ) | ક | [1] |
| (જ) | ખ | [1] |
| (ઝ) | ગ | [1] |
| (ટ) | ખ | [1] |
| (ઠ) | ખ | [1] |
| (ડ) | ગ | [1] |
| (ઢ) | ખ | [1] |
| **Task 2** | **[13 marks]** | |
| (ક) | ગરમીના | [1] |
| (ખ) | અભ્યાસ | [1] |
| (ગ) | એકલો | [1] |
| (ઘ) | સવારનું | [1] |
| (ચ) | વહેલું | [1] |
| (છ) | સલામતી | [1] |
| (જ) | ઉઘાડવી | [1] |
| (ઝ) | મુશ્કેલી | [1] |
| (ટ) | વાતો | [1] |
| (ઠ) | સંભાળ | [1] |
| (ડ) | ભારતીય | [1] |
| (ઢ) | કંટાળો | [1] |
| (ણ) | ઊંઘ | [1] |

SPECIMEN

| Question Number | Answer | Marks |
|---|---|---|
| **Task 3** | **[15 marks]** | |
| **(a)** | Loud calls, smoke, via runners/swimmers | **[3]** |
| **(b)** | transport | **[1]** |
| **(c)** | With travellers, by post | **[2]** |
| **(d)** | In the west most homes have land phones, not so in India | **[1]** |
| **(e)** | You can contact them by mobile phone as most people have them | **[2]** |
| **(f)** | Attracted by advertisements<br>Facility for spending money e.g. credit cards | **[2]** |
| **(g)** | Increase in e-mail communication | **[1]** |
| **(h)** | Advantage – very easy to send an e-mail<br>Disadvantage – No discipline in use/misuse | **[2]** |
| **(i)** | Thousands of greetings cards are sent by post at Christmas | **[1]** |

**Section A Total [60]**

SPECIMEN

**Task 4 Marking Grids**

| GRID H.1 | COMMUNICATION 10 marks AO2 |
|---|---|
| **0-2** | Very little or no information conveyed. |
| **3-4** | Only a quarter of the points conveyed. |
| **5-6** | Half of the information conveyed. |
| **7-8** | Three quarters of the points communicated. |
| **9-10** | Most or all of the information conveyed. |

| GRID C.2 | QUALITY OF LANGUAGE (ACCURACY) 10 marks AO3 |
|---|---|
| **0-2** | Little evidence of grammatical awareness. Persistent, serious and elementary errors (endings, verb forms, gender of common nouns). Frequent first language interference. |
| **3-4** | Evidence of gaps in basic grammar. Frequent errors of an elementary kind (endings, verb forms, gender of common nouns, adjectival agreements) but evidence of correct use of simple sentence structures. Vocabulary and structures may be quite strongly influenced by the candidate's first language. |
| **5-6** | Shows evidence of fair understanding of grammatical usage. Generally accurate use of simple sentence structures. Some correct use of complex sentence structures. The performance is likely to be patchy and inconsistent. |
| **7-8** | Language generally accurate. Shows a sound grasp of AS and/or A2 structures, as appropriate. Generally correct use of complex structures. Tenses and agreements good, although there may be some inconsistency and errors in more complex areas. |
| **9-10** | Characterised by a high and consistent level of accuracy in use of complex structures, although there may be some errors. |

SPECIMEN

## Section B: Reading and Writing

| Section B | | |
|---|---|---|
| **Question Number** | **Answer** | **Marks** |
| **Task 5** | | |
| અ | **[10 marks]** | |
| (ક) | રૂપાદે | [1] |
| (ખ) | અનુષા, સોનજા | [2] |
| (ગ) | રૂપાદે | [1] |
| (ઘ) | રન્નાદે, કેશવી | [2] |
| (ચ) | કેશવી | [1] |
| (છ) | સોનજા | [1] |
| (જ) | સોનજા, રન્નાદે | [2] |
| બ | **[10 marks]** | |
| (ક) | નુકસાન | [1] |
| (ખ) | ભોજન | [1] |
| (ગ) | તંદુરસ્તીનો | [1] |
| (ઘ) | મીઠું | [1] |
| (ચ) | ખાંડ | [1] |
| (છ) | ખોરાક | [1] |
| (જ) | કસરતથી | [1] |
| (ઝ) | રેસાવાળો | [1] |
| (ટ) | સર્વોત્તમ | [1] |
| (ઠ) | માંસાહાર | [1] |

SPECIMEN

| Task 6 | [20 Marks] | |
|---|---|---|
| (ક) | ઇન્દોરમાં, ૨૮ સપ્ટેમ્બર ૧૯૨૯ | [2] |
| (ખ) | તેઓ લતાને બાળપણથી સંગીત શીખવતા | [1] |
| (ગ) | કુટુંબની જવાબદારી ઉઠાવવી પડી, પિતાજીનો દેહાન્ત થયો એટલે | [2] |
| (ઘ) | કામ શોધવા માટે | [1] |
| (ચ) | તેમને સફળતા ન મળી | [1] |
| (છ) | નૂરજહાં, શમશાદ બેગમ, ગુલામ હૈદરઅલી જેવા નામાંકિત ગાયકો જેવું ગાવા મહેનત કરવી પડી હતી. | [3] |
| (જ) | તેમણે જુદી જુદી ભાષામાં અનેક ગીતો ગાયાં છે | [1] |
| (ઝ) | તેમનું નામ 'ગીનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડઝ'માં અનેક વાર નોંધાયું છે. | [2] |
| (ટ) | તેઓ પચાસ વર્ષથી ગીતો ગાય છે | [1] |
| (ઠ) | ભારત રત્નનો પુરસ્કાર આપીને | [1] |
| (ડ) | ચાહકો, વડીલોના આશીર્વાદ, સખત મહેનત, ઈશ્વરની દયા. (કોઈ પણ ત્રણ) | [3] |
| (ઢ) | તેમના પિતાજીએ તેમના ગાવાના વખાણ કર્યા તે દિવસ તેમનો સૌથી યાદગાર દિવસ છે તેના પરથી | [1] |
| ણ | શાળા કોલેજનો અભ્યાસ કરવાની | [1] |

SPECIMEN

| GRID C.2 | QUALITY OF LANGUAGE (ACCURACY) 10 marks AO3 |
|---|---|
| **0-2** | Little evidence of grammatical awareness. Persistent, serious and elementary errors (endings, verb forms, gender of common nouns). Frequent first language interference. |
| **3-4** | Evidence of gaps in basic grammar. Frequent errors of an elementary kind (endings, verb forms, gender of common nouns, adjectival agreements) but evidence of correct use of simple sentence structures. Vocabulary and structures may be quite strongly influenced by the candidate's first language. |
| **5-6** | Shows evidence of fair understanding of grammatical usage. Generally accurate use of simple sentence structures. Some correct use of complex sentence structures. The performance is likely to be patchy and inconsistent. |
| **7-8** | Language generally accurate. Shows a sound grasp of AS and/or A2 structures, as appropriate. Generally correct use of complex structures. Tenses and agreements good, although there may be some inconsistency and errors in more complex areas. |
| **9-10** | Characterised by a high and consistent level of accuracy in use of complex structures, although there may be some errors. |

SPECIMEN

| Task 7 | | |
|---|---|---|
| અ | | |
| | રાજકારણ | [1] |
| | આરોગ્ય | [1] |
| | અર્થશાસ્ત્ર | [1] |
| | વિજ્ઞાન | [1] |
| | રમત-ગમત | [1] |
| | કલા | [1] |
| | સાહિત્ય | [1] |
| | નવા બનાવો | [1] |
| | નવી શોધો | [1] |
| | વેચાણ માટેની જાહેરખબરો | [1] |
| | ખરીદી માટેની જાહેરખબરો | [1] |
| | નોકરી માટેની જાહેરખબરો | [1] |
| | અન્ય વ્યાપારી | [1] |

**10 Comprehension of text: Grid I**

**20 Response to test: Grid J**

**10 Quality of Language (Accuracy): Grid C.2**

**10 Quality of Language (Range): Grid F.2**

**Total: [50 marks]**

**Section B Total [100]**
**Paper Total [160]**

SPECIMEN

**Grid I must be used in conjunction with the indicative content provided page 9.**

| GRID I | COMPREHENSION OF TEXT<br>10 marks  AO2 |
|---|---|
| **0-2** | No relevant information or supplies one or two relevant points from the original passage. |
| **3-4** | Little relevant information. Includes up to a third of the points, showing understanding of some of the points. Over-reliance on phrases lifted from the original passage. |
| **5-6** | Some relevant information showing understanding of up to half of the points. There may be instances of lifting from the original passage. |
| **7-8** | Relevant information showing understanding of up to two third of the points from the original passage. There may be one or two instances of lifting from the original passage. |
| **9-10** | Consistently relevant information. Includes nearly all the points from the original passage. Shows a very clear understanding of the text. |

| GRID J | RESPONSE TO TEXT<br>20 marks  AO2 |
|---|---|
| **0-3** | Very short. May not go beyond  points of view already expressed in the original text. |
| **4-7** | Manages the beginning of a response to the requirements of the task. May have difficulty in expressing and/or developing points of view. |
| **8-11** | Expresses points of view which respond to the requirements of the task. Some of these may be developed and there may be some originality and/or imagination. |
| **12-15** | Expresses points of view which are consistently developed and respond to the requirements of the task. Shows some originality and/or imagination. |
| **16-20** | Responds with well developed points of view which show insight, originality and imagination. |

SPECIMEN

| GRID C.2 | QUALITY OF LANGUAGE (ACCURACY) 10 marks AO3 |
|---|---|
| **0-2** | Little evidence of grammatical awareness. Persistent, serious and elementary errors (endings, verb forms, gender of common nouns). Frequent first language interference. |
| **3-4** | Evidence of gaps in basic grammar. Frequent errors of an elementary kind (endings, verb forms, gender of common nouns, adjectival agreements) but evidence of correct use of simple sentence structures. Vocabulary and structures may be quite strongly influenced by the candidate's first language. |
| **5-6** | Shows evidence of fair understanding of grammatical usage. Generally accurate use of simple sentence structures. Some correct use of complex sentence structures. The performance is likely to be patchy and inconsistent. |
| **7-8** | Language generally accurate. Shows a sound grasp of AS and/or A2 structures, as appropriate. Generally correct use of complex structures. Tenses and agreements good, although there may be some inconsistency and errors in more complex areas. |
| **9-10** | Characterised by a high and consistent level of accuracy in use of complex structures, although there may be some errors. |

| GRID F.2 | QUALITY OF LANGUAGE (RANGE) 10 marks AO3 |
|---|---|
| **0-2** | Only simple sentence patterns. Very limited vocabulary. Very limited range of structures. |
| **3-4** | A restricted range of vocabulary and structures. Frequent repetition of the same words and phrases. Some attempt (not necessarily successful) at the use of more complex sentence structures. |
| **5-6** | Attempts to extend the range of vocabulary, though still rather repetitive. Attempts to use more complex language with some success in producing a range of syntax and sentence structures appropriate to the task. |
| **7-8** | Effective use of a range of vocabulary and structures appropriate to the task, with little repetition. A positive attempt to introduce variety and to use a range of complex sentence structures (though not always able to maintain correct usage). |
| **9-10** | Effective and confident use of a wide range of vocabulary and idiom with a variety of complex sentence structures. |

SPECIMEN

**Transcripts of Listening Texts**

## Task 1 : Listening Task
**સવાલ પહેલો : શ્રવણબોધન**

### ગુજરાતી યુવક શાળાની મુલાકાત

**યુવક શાળાના આચાર્યા શાળા વિશે માહિતી આપે છે.**

નમસ્તે! હું, રાજવી શાહ, ગુજરાતી યુવક શાળાની આચાર્ય છું. યુવક શાળાનો સમય દર રવિવારે સવારના ૧૦ થી બપોરના ૨ સુધીનો છે. એમાં એક કલાક ગુજરાતીના વર્ગો, પોણા પોણા કલાકના સંગીત અને નૃત્યના વર્ગો, અડધો કલાક દુનિયાના કોઈ પણ ધર્મ વિશે ચર્ચા - વાર્તા અને છેલ્લે રમતગમત, રસોઈકળા કે ગૃહસંભાળ જેવી અન્ય પ્રવૃત્તિ હોય છે. વચ્ચે પા કલાકનો વિરામ આપવામાં આવે છે જેમાં વિદ્યાર્થીઓ કેળાં અને સંતરાંનો નાસ્તો કરે છે. શરૂઆતમાં સૌ સભાખંડમાં ભેગા થઈને પ્રભુનાં ગીતો ગાય છે. સ્થાનિક સરકારી નિશાળોમાં યોજાતી પ્રૃવત્તિઓમાં ભાગ લઈને અમે જે તે શાળા માટે ભંડોળ ભેગું કરીએ છીએ. દર વર્ષે બે અઠવાડિયા માટે ગુજરાતના ગામડાંઓમાં જઈને શાળાના યુવક યુવતિઓ સેવાના કાર્યો કરે છે. યુવાનોનો સર્વ રીતે વિકાસ થાય એ અમારું ધ્યેય છે.

## Task 2 : Listening Task
**સવાલ બીજો : શ્રવણબોધન**

### એર ઇન્ડિયામાં મુસાફરી

**પારસ તેની વિમાનની મુસાફરી વિશે વર્ગમાં વાત કરે છે.**

નમસ્તે. ઉનાળાની રજાઓમાં ભારત ગયો ત્યારે હું એર ઇન્ડિયાના વિમાનમાં ગયો હતો. મારી બહેનને તેની પરીક્ષા માટે વાંચવાનું હોવાથી આવી ન શકી એટલે મારી સાથે કોઈ ન હતું. મારું વિમાન સવારે દસ વાગ્યે ઉપડવાનું હતું. હું આઠ વાગે પહોંચત તો ચાલત પણ લંડનના વિમાનમથક પર સુરક્ષા માટે ખૂબ તપાસ ચાલતી હતી એટલે મારે છ વાગ્યામાં પહોંચી જવું પડ્યું હતું. અધિકારીઓએ મારી પેટી ખોલાવીને અંદરની વસ્તુઓને તપાસી હતી. મારી પેટી વસ્તુઓથી ચિક્કાર ભરી હતી એટલે તપાસ પછી હું માંડ માંડ તેને બંધ કરી શક્યો. સદ્ભાગ્યે વિમાનમાં એક મિત્ર મળી ગયો એટલે વાતોમાં અને પત્તે રમવામાં સમય આનંદથી પસાર થઈ ગયો. થોડી થોડી વારે પરિચારિકા અમને કંઈ ને કંઈ નાસ્તો કે પીણાં આપી જતી. બપોરે સ્વાદિષ્ટ પાલક-પનીર, પરોઠાં અને મટરભાત ખાવાની મજા પડી ગઈ. આખી મુસાફરી દરમિયાન હું જાગતો જ રહ્યો હતો એટલે મુંબાઈ પહોંચ્યો ત્યારે મને બગાસાં આવતાં હતાં.

SPECIMEN

**TASK 3: Listening Task**

**પ્રશ્ન ચોથો : શ્રવણબોધન**

## સંદેશ વ્યવહાર

**તમે 'દુનિયાનો સંદેશ વ્યવહાર' વિષય પરનું ભાષણ સાંભળો છો.**

સૌને નમસ્કાર! એક પળ માટે હું તમને વર્ષો પહેલાંના જગતમાં લઈ જાઉં જ્યારે સંદેશા મોકલવા માટે કોઈ સાધનો ન હતાં. જરા વિચાર તો કરો! ત્યારે લોકો શું કરતાં હશે? લોકો ચાલીને, દોડીને કે પાણીમાં તરીને એકબીજાને સમાચાર પહોંચાડતા હશે. કે પછી ટારઝનની જેમ અમુક જાતના અવાજથી અમુક પ્રકારનો સંદેશો મોકલી આપતા હશે. અમેરિકાના રેડ ઈન્ડિયનો ધુમાડાના ગોટા ઉડાડીને સંદેશા મોકલતા એ આપણે ઘણી ફિલ્મોમાં જોયું છે.

વાહન વ્યવહારની સગવડ આવતાંની સાથે સંદેશા મોકલવાનું સહેલું થતું ગયું. લોકો કોઈ પ્રવાસ પર જતું હોય તેની સાથે અથવા ટપાલ કચેરી દ્વારા પત્રો મોકલતા. તાર અને ટેલિફોનની સગવડ આવી એટલે આપણી માટે સંદેશા મોકલવાની પ્રવૃત્તિ ખૂબ ઝડપી બની. આ દેશમાં તો કોઈને સમાચાર આપવા હોય અથવા અમસ્તી જ વાત કરવી હોય તો ખૂબ સહેલું છે કેમ કે ઘેર ઘેર ઘરના ફોનની સગવડ હોય છે. પણ ભારતના ગામડામાં રહેતા આપણાં ઘણાં સગાં કે મિત્રો પાસે ઘરમાં ફોન હોતો નથી. જો કે વાડીમાં અનાજ વાવતા ખેડૂત પાસે પણ મોબાઈલ ફોન હોય છે ખરો! એટલે સૌના મોબાઈલ ફોનના નંબર સાચવીને રાખવા જેથી કટોકટી વખતે કામ લાગે. અત્યારે તો સાદા મોબાઇલથી માંડીને અનેક સુવિધાઓવાળાં નવાં નવાં સાધનોની કેટલીયે જાહેરાતો અને વ્યાપારી દરખાસ્તો આપણને લલચાવતી હોય છે. વળી આપણી પાસે પૈસા વાપરવાની સગવડો વધી છે એટલે આપણે જાતજાતના હાથના ફોન ખરીદતા રહીએ છીએ.

એક વખત હતો જ્યારે આપણે પ્રિયજનોને પત્ર લખીને અને તેમનો આવેલો પત્ર વાંચીને કેટલો સંતોષ, કેટલો આનંદ માણતા. હવે તો આપણે ઈન્ટરનેટ પર ટૂંકો ને ટચ ઈ-સંદેશો મોકલી દઈએ એટલે જાણે પત્યું. કેટલું સહેલું! એટલે જ તો કેટલીયે વખત વિવેક જાળવ્યા વગર જેવા તેવા સંદેશા મોકલાતા હોય છે અને એમાંથી મુશ્કેલીઓ ઊભી થતી હોય છે. ઈ-સંદેશા લોકપ્રિય બન્યા હોવાં છતાં નાતાલ વખતે આપણે લાખો શુભેચ્છા પત્રો ટપાલથી મોકલીએ છીએ. અને આપણો શુભ સંદેશ પ્રિયજનોને સમયસર પહોંચાડવા ટપાલ કચેરીના કર્મચારીઓ કેટલા વધારે કલાક કામ કરે છે!

આ બધામાં ભલું છે ભારતનું પોસ્ટકાર્ડ! વર્ષોથી તે એટલું ને એટલું જ વપરાય છે. વર્ષો પહેલાં મારા બાપાને રોજ સવારમાં ડેલીમાં બેસીને પોસ્ટકાર્ડ લખતાં મેં જોયા હતા. હવે મારા ભાઈ એવું જ પોસ્ટકાર્ડ લખતા હોય છે.

SPECIMEN